**મજુર અદાલત, વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.**

**રેફરન્સ (એલ.સી.વી.) કેસ નં. ૨૨૧/૨૦૨૨**
**આંક : ૦૬**

**પ્રથમ પક્ષકાર :** **(૧). મેનેજરશ્રી,**
**વિજય ટેન્કસ એન્ડ વેસસેલ્સ પ્રાઈવેટ લીમીટેડ**
ગામ/પોસ્ટ સાંકરદા નેશનલ હાઈવે,૮ નજીક,
વડોદરા ગુજરાત ૩૯૧૩૫૦.
**(૨). વરાહા સ્ટિલ વર્ક પ્રાઈવેટ લીમીટેડ**
બી,૫૦૪, અલકાપુરી આર્કેડ આર.સી.દત્ત રોડ,
અલકાપુરી, વડોદરા.૩૯૦૦૦૫.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :** **શ્રમયોગી પરમાર જયદિપભાઈ રાવજીભાઈ**
મુ.પો.સાંકરદા, હે.રાશિયાવાળુ,ફળિયુ.તા.
જી.વડોદરા.

**હાજર રહયા :–**
પ્રથમ પક્ષકાર તરફે : વિદવાન વકીલશ્રી કે. કે. ચોકસી.
બીજા પક્ષકાર તરફે : કોઈ હાજર નથી.

**:: એવોર્ડ ::**

(૧). સદર કામના પ્રથમ પક્ષકાર સામે હાલના બીજા પક્ષકારનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત શ્રી, વડોદરાની કચેરીના સંયુકત હુકમ ક્રમાંક: કે.એચ./ એસ.એચ./ એમ.સી./વ/એ.જે./૯૦૯૩,તારીખ: ૦૯/૦૬/૨૦૨૨ થી બીજા પક્ષકાર/શ્રમયોગી (જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''અરજદાર'' તરીકે ઉલ્લેખ કરેલ છે.)ને તેમના પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યાએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં (કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''સામાવાળા'' તરીકે ઉલ્લેખ કરેલ છે.) પુન:સ્થાપિત કરવા કે કેમ?

તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨). રેફરન્સ કોર્ટમાં આવ્યા અરજદાર ને નોટીસ કરેલ જે આ કામે **આંક–૨ થી રજુ છે** ત્યાર પછી સદર કામ માંગણાના નિવેદન રજુ થવા ચાલતુ હોય અરજદાર તરફે કોઈ રજુઆત કે રીપોર્ટ ના હોય અરજદારના માંગણાના નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે ત્યારબાદ પક્ષકારો તથા પ્રતિનીધી ગેરહાજર હોય સદર કામ અરજદાર અને સામાવાળાના પુરાવા માટે ચાલતુ હોય અરજદાર સામાવાળા ગેરહાજર હોય તેઓના તરફે કોઈ રજુઆત કે રીપોર્ટ આપેલ ન હોય તેથી ન્યાયના હિતમાં પક્ષકારોનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. સદર કામ દલીલો પર આવતા પક્ષકારો તરફે કોઈ હાજર ન રહેતા તેથી ન્યાય ના હિતમાં બન્ને પક્ષકારોની ની દલીલનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૩). આમ ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**:: મુદા ::**

(૧). શું કામદાર તેની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે?

(૨). શું હુકમ ?

(૪). ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

૧) મુદા નંબર :– ૧. નકારમાં.

૨) મુદા નંબર :– ૨. આખરી હુકમ મુજબ

## <u>કારણો:</u>

(૫). આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં અરજદાર ને નોટસ બજયા પછી માંગણાના નિવેદન રજ કરવા માટે પુરતો સમય આપેલ હતો પરંતુ માંગણાનું નીવેદન રજુ કરેલ નથી અને કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. સામાવાળા હાજર છે અરજદારે કોઈ પુરાવ રજુ કરેલ નથી તેથી સામાવાળા તરફે લેખિત જવાબ અને પુરાવો રજુ થયેલ નથી. આ તબકકે **નામદાર બોમ્બે હાઈકોર્ટે ૨૦૦૨ (૩) એલએલ એમ ૨૬૧** જયારે પક્ષકારને એકવાર નોટીસ બજી ગયેલ હોય તેવા સંજોગોમાં પક્ષકારને જે તે તારીખની જાણ હોય જ આથી હાજર થઈને રજુઆત કરવી જોઈએ કે કરાવવી જોઈએ. આ કામના અરજદારે હાલનો કેસ દાખલ કરેલ છે જેથી તેને કેસના દરેક સ્ટેજની જાણ હોય જ અથવા કેસ દાખલ કર્યા પછી તેણે કોર્ટ સમક્ષ હાજર રહીને કાર્યવાહીમાં ભાગ લેવો જોઈએ અને તેણે માંગેલ દાદ અંગે યોગ્ય પુરાવો રજુ કરવો જોઈએ. એવીડન્સ એકટની કલમ-૧૦૧ વંચાણે લેતાં પણ સ્પષ્ટ થાય છે કે જે વ્યકિત એવું ઈચ્છતી હોય કે કોર્ટ તેની તરફેણમાં ચુકાદો આપે, તો તે હકીકત તેવી વ્યકતિને આધારે જણાવવા જોઈએ. જયારે કામદાર **૦૧ વર્ષ જેટલો લાંબો સમય** દરમ્યાન પણ પુરાવો રજુ કરવામાં નિષ્ફળ રહે અને કયારે પણ કોર્ટમાં હાજર ન રહે તો **નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૧૯૯૫ (એપ્રિલ) પેજ ૫૩૯** માં ઠરાવ્યા મુજબ પણ કેસમાં હુકમ કરવો ન્યાયોચીત છે.

(૬). આમ કેસનું રેકર્ડ વંચાણે લેતા સદરહું રેફરંસ કેસ અત્રે ન્યાયનિર્ણય અર્થે દાખલ કરેલ છે પરંતુ અરજદાર કે તેમના પ્રતિનિધિ હાજર રહેલ નથી કે અરજીના સમર્થનમાં કોઈ મોખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

આમ ઉપરોકત હકીકતના સમર્થનમાં નામદાર વડી અદાલતના , **State Of U.P. vs Presiding Officer Labour Court ... on 14 November, 2019 . IN this case Hon'ble High Court of Allahabad has held that;**

26. The essential distinction between "burden of proof" and "onus of proof" is legally well settled. The burden of proof lies upon the person who has to prove a fact and it never shifts; however the shifting of onus of proof is a continuous process in the evaluation of evidence. In this regard reference may be had to the judgment in the case of A. Raghavamma and another Vs. A. Chenchamma & Anr.12 wherein it was held as follows:-
"12. ...There is an essential distinction between burden of proof and onus of proof : burden of proof lies upon the person who has to prove a fact and it never shifts, but the onus of proof shifts. The burden of proof in the present case undoubtedly lies upon the plaintiff to establish the factum of adoption and that of partition. The said circumstances do not alter the incidence of the burden of proof. Such considerations, having regard to the circumstances of a particular case, may shift the onus of proof. Such a shifting of onus is a continuous process in the evaluation of evidence..."

Further in the case of **Anil Rishi Vs. Gurubaksh Singh, 2006 (0) AIJEL sc, 37208.** In this case Hon'ble Supreme court of India has held that;

**(10)**. Pleading is not evidence, far less proof. Issues are raised on the basis of the pleadings. The defendant-appellant having not admitted or acknowledged the fiduciary relationship between the parties, indisputably, the relationship between the parties itself would be an issue. The suit will fail if both the parties do not adduce any evidence, in view of Sec. 102 of the Evidence Act. Thus, ordinarily, the burden

of proof would be on the party who asserts the affirmative of the issue and it rests, after evidence is gone into, upon the party against whom, at the time the question arises, judgment would be given, if no further evidence were to be adduced by either side.

**(19.)** There is another aspect of the matter which should be borne in mind. A distinction exists between a burden of proof and onus of proof. The right to begin follows onus probandi. It assumes importance in the early stage of a case. The question of onus of proof has greater force, where the question is which party is to begin. Burden of proof is used in three ways : (i) to indicate, the duty of bringing forward evidence in support of a proposition at the beginning or later, (ii) to make that of establishing a proposition as against all counter evidence; and (iii) an indiscriminate use in which it may mean either or both of the others. The elementary rule is Sec. 101 is inflexible. In terms of Sec. 102 the initial onus is always on the plaintiff and if he discharges that onus and makes out a case which entitles him to a relief, the onus shifts to the defendant to prove those circumstances, if any, which would disentitle the plaintiff to the same.

**(૭).** આમ નામદાર વડી અદાલતના **યુ. પી. રાજય વિ. પીઠાસીન અધિકારી, લેબર કોર્ટ તથા અનિલ ઋષિ વિ. ગુરૂબક્ષસિંહ ના** ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ સાબિતીનો બોજો કામદાર/અરજદાર ના માથે રહેલ છે અને દાવો કરનાર વ્યકિતએ પુરાવો રજુ કરી હકીકત પુરવાર કરવી જોઇચે પરંતુ કામદાર ધ્વારા તેઓના રેફરંસ કેસની હકીકતો પુરવાર કરવા સારૂ હાજર રહેલ નથી કે કોઈ મોખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ રેફરંસ કેસની હકીકીતો અરજદાર ધ્વારા સંભાવનાની પ્રધાન્યતાથી પુરવાર

કરેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા સદર કામ ચલાવવામાં અરજદાર (કામદાર) ને રસ અથવા હિત ન હોવાનું સ્પષ્ટપણે જણાય આવતું હોય ન્યાયના હીતમાં મુદા નં.૧ નો જવાબ નકાર માં આપી મુદદા નં.ર નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. સદરહુ રેફરંસ કેસ અરજદારના પુરાવાના અભાવે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ર. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(નારાયણ લાલ શર્મા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત (નંબર–૪)**
**U.I.C.NO.GJ01439.**

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૦૬/૧૧/૨૦૨૩.**
(જે.એ.મકવાણા–સ્ટેનો)